<u>વેચાણ દસ્તાવેજ</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૨(નિકોલ) ના વટવા તાલુકાના મોજે ગામ વસ્ત્રાલની સીમના **સર્વે નં.૧૮** પૈકી ૯૯૧૫ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ નં.૩૬** ની ૫૯૪૯ ચો.મી. પૈકી પુર્વ દિશા તરફની **૨૯૩૬ ચો.મી.**(અ.મ્યુ.કો. તા.૩૦/૦૪/૨૦૨૧ ના રોજ મંજુર થયેલ પ્લાન મુજબ સબ પ્લોટ નં.(૧૮/૧+૩૬)/૨ પૈકી ૨૯૩૬ ચો.મી.) તથા **સર્વે નં.૧૯/૪** ૨૭૭૨ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ નં.૧૮/૪** ની **૧૬૬૩ ચો.મી.** તથા **સર્વે નં.૨૮** ૪૩૫૦ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ નં.૩૯** ની **૨૬૧૨ ચો.મી.** એમ મળી કુલ **૭૨૧૧ ચો.મી.** (અ.મ્યુ.કો. મુજબ ૭૨૦૯ ચો.મી.) રહેણાંકીય હેતુની બીનખેતીની જમીન ઉપર આવેલ **“સનવિલા રોયલ”** ના નામે ઓળખાતી યોજનામાં આવેલ **બંગ્લોઝ નં.........** વાળી મીલકતનો વેચાણ દસ્તાવેજ **રૂ.   /- અંકે રૂપીયા** પુરાનો

લખી આપનાર : **શિવાની ઇન્ફ્રાસ્પેસ** એ નામની ભાગીદારી પેઢી જેના ધંધાનુ મુખ્ય સ્થળ: ૧૨, સુર્યકિરણ બંગ્લોઝ, એચ.પી. પેટ્રોલ પંપની સામે, નિકોલ, અમદાવાદ મધ્યે આવેલ છે તેના વતી તેના અધિકૃત ભાગીદાર

નિસર્ગ મુકેશભાઇ પટેલ

ઉ.વ.આ.૨૭, ધર્મેઃહિન્દુ, ધંધોઃખેતી/વેપાર,

રહે: ૧૪, સુર્યકિરણ બંગ્લોઝ, નવા નરોડા, નિકોલ, અમદાવાદ

PAN NO. AEDFS 7102 Q

જેમને હવે પછી આ દસ્તાવેજમાં લખી આપનાર એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દના અર્થમાં અમો લખી આપનાર “શિવાની ઇન્ફ્રાસ્ટ્રકચર” એ નામની એક ભાગીદારી પેઢી તથા તેના હાલના તથા વખતો વખત ના ભાગીદારો તથા તેઓ દરેકના વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, એટર્નીઓ, એસાઇનીઓ ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.

લખાવી લેનાર: **...**

ઉ.વ.આ.........., ધર્મે-........., ધંધો:.............

રહે. ....., ...,

PAN NO. ....

જેમને હવે પછી આ દસ્તાવેજમાં લખાવી લેનાર અગર તમો તમારા એ રીતે સંબોધવામાં આવેલ છે અને તે શબ્દના અર્થમાં લખાવી લેનાર તથા વ્યકિતગત દરજ્જે તેમના વંશ, વાલી, વારસો, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો એસાઇનીઓ, એટર્નીઓ ઇત્યાદી તમામ નો સમાવેશ થાય છે.

જત અમો લખી આપનાર તમો લખાવી લેનારને આ વેચાણ દસ્તાવેજ કરી લખી આપીએ છીએ કે,..

(૧) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૨(નિકોલ) ના વટવા તાલુકાના મોજે ગામ વસ્ત્રાલની સીમના **સર્વે નં.૧૮** પૈકી ૯૯૧૫ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ**

નં.૩૬ ની ૫૯૪૯ ચો.મી. પૈકી પુર્વ દિશા તરફની **૨૯૩૬ ચો.મી.**(અ.મ્યુ.કો. તા.૩૦/૦૪/૨૦૨૧ ના રોજ મંજુર થયેલ પ્લાન મુજબ સબ પ્લોટ નં.(૧૮/૧+૩૬)/૨ પૈકી ૨૯૩૬ ચો.મી.) તથા **સર્વે નં.૧૯/૪** ૨૭૭૨ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ નં.૧૮/૪** ની **૧૬૬૩ ચો.મી.** તથા **સર્વે નં.૨૮** ૪૩૫૦ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ નં.૩૯** ની **૨૬૧૨ ચો.મી.** એમ મળી કુલ **૭૨૧૧ ચો.મી.** (અ.મ્યુ.કો. મુજબ ૭૨૦૯ ચો.મી.) રહેણાંકીય હેતુની બીનખેતીની જમીન ઉપર આવેલ **"સનવિલા રોયલ"** એ નામની ભાગીદારી પેઢીની કુલ સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલી છે જે રેવન્યુ દફતરે ૭/૧૨ ના રેકર્ડમાં તેઓના નામે માલીક કબજેદાર તરીકે ચાલે છે જેને હવે પછી આ દસ્તાવેજના લેખમાં **"સદરહું પુરેપુરી જમીન"** એ રીતે વર્ણવેલ છે.

(૨) વધુમાં સદર પુરેપુરી જમીન અગાઉ ખેતીની જમીન તરીકે આવેલ હતી અને સદરહું જમીન પૈકી સર્વે નં.૧૮ ની ૫૯૪૯ ચો.મી. જમીન બીનખેતી રહેણાંકીય ઉપયોગ કરવાની પરવાનગી કલેકટરશ્રી, અમદાવાદ નાઓએ તેમના હુકમ ક્રમાંક નં.એસીબી/ટીએનસી-૫/એન.એ./તત્કાલ/ક-૬૫/એસ આર-૧૯૬/૨૦૧૭ તા-૧૫/૦૭/૨૦૧૭ નાંરોજ આપવામાં આવેલ અને તે અંગેની ધોરણસરની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ હકક પત્રકમાં ફેરફાર નોંધ નં.૮૮૧૫, તા.૨૦/૦૭/૨૦૧૭ નાંરોજ દાખલ કરવામાં આવેલ જે લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ.

આ ઉપરાંત સદરહું જમીન પૈકી સર્વે નં.૧૯/૪ ની ૧૬૬૩ ચો.મી. જમીન બીનખેતી રહેણાંકીય ઉપયોગ કરવાની પરવાનગી કલેકટરશ્રી, અમદાવાદ નાઓએ તેમના હુકમ ક્રમાંક નં.૧૬૨૧/૦૭/૧૬/૦૨૭/૨૦૧૯ નાંરોજ આપવામાં આવેલ અને તે અંગેની ધોરણસરની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ હકક પત્રકમાં ફેરફાર નોંધ નં.૧૦૦૧૪, તા.૧૮/૧૦/૨૦૧૯ નાંરોજ દાખલ કરવામાં આવેલ જે લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ.

આ ઉપરાંત સદરહું જમીન પૈકી સર્વે નં.૨૮ ની ૨૬૧૨ ચો.મી. જમીન બીનખેતી રહેણાંકીય ઉપયોગ કરવાની પરવાનગી કલેકટરશ્રી, અમદાવાદ નાઓએ તેમના હુકમ ક્રમાંક નં.એસીબી/ટીએનસી-૫/એન.એ./તત્કાલ/ક-૬૫/એસઆર-૧૯૫/૨૦૧૭ તા-૧૫/૦૭/૨૦૧૭ નાંરોજ આપવામાં આવેલ અને તે અંગેની ધોરણસરની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ હકક પત્રકમાં ફેરફાર નોંધ નં.૮૮૧૩, તા.૨૦/૦૭/૨૦૧૭ નાંરોજ દાખલ કરવામાં આવેલ જે લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ.

(૩) ત્યારબાદ સદર **સર્વે નં.૧૮** પૈકી ૯૯૧૫ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ નં.૩૬** ની ૫૯૪૯ ચો.મી. પૈકી પુર્વ દિશા તરફની **૨૯૩૬ ચો.મી.**(અ.મ્યુ.કો. તા.૩૦/૦૪/૨૦૨૧ ના રોજ મંજુર થયેલ પ્લાન મુજબ સબ પ્લોટ નં.(૧૮/૧+૩૬)/૨ પૈકી ૨૯૩૬ ચો.મી.) બીનખેતીની જમીન ભરતભાઇ નારણભાઇ પટેલ, મુકેશભાઇ રામચંદ્રભાઇ પટેલ, સંજય રામચંદ્ર પટેલ, ભાનુભાઇ રામચંદ્ર પટેલ નાઓની ની માલીકી અને કબજા ભોગવટાની આવેલ અને તેઓએ સદર જમીન અમો લખી આપનારને તા.૨૮/૦૫/૨૦૨૧ નાંરોજ વેચાણ આપેલ અને તે અંગેનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ(નિકોલ-૧૨)ના મે.સબ. રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં તેજ તારીખે અનુક્રમ નં.૧૧૬૯૧ થી નોંધાવી આપેલ અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૧૦૭૫૩ થી તા:૦૧/૦૬/૨૦૨૧ નાંરોજ પાડવામાં આવેલ જે લાગતા વળગતા અધિકારી દ્વારા તા.૧૪/૦૭/૨૦૨૧ નારોજ પ્રમાણીત કરવામા આવેલ ત્યારથી ઉપરોકત સર્વે નંબરો વાળી જમીન અમો લખી આપનારના માલીકી કબજા ભોગવટામાં આવેલ અને જે રેવન્યુ દફતરે ૭/૧૨ ના રેકર્ડમાં અમારા નામે ચાલે છે.

ત્યારબાદ સદર **સર્વે નં.૧૯/૪** ૨૭૭૨ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ નં.૧૮/૪** ની **૧૬૬૩ ચો.મી.** બીનખેતીની જમીન ભરતભાઇ નારણભાઇ તથા સંજયભાઇ રામચંદ્ર નાઓની માલીકી અને કબજા ભોગવટાની આવેલ અને તેઓએ સદર જમીન અમો લખી આપનારને તા.૨૪/૦૮/૨૦૨૦ નાંરોજ વેચાણ આપેલ અને તે અંગેનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ(નિકોલ-૧૨)ના મે.સબ. રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં તેજ તારીખે અનુક્રમ નં.૯૩૬૫ થી નોંધાવી આપેલ અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૧૦૩૬૧ થી તા:૦૨/૦૯/૨૦૨૦ નાંરોજ પાડવામાં આવેલ જે લાગતા વળગતા અધિકારી દ્વારા તા.૧૯/૧૦/૨૦૨૦ નારોજ પ્રમાણીત કરવામા આવેલ ત્યારથી ઉપરોકત સર્વે નંબરો વાળી જમીન અમો લખી આપનારના માલીકી કબજા ભોગવટામાં આવેલ અને જે રેવન્યુ દફતરે ૭/૧૨ ના રેકર્ડમાં અમારા નામે ચાલે છે.

ત્યારબાદ સદર **સર્વે નં.૨૮** ૪૩૫૦ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ નં.૩૯** ની **૨૬૧૨ ચો.મી.** એમ મળી કુલ **૭૨૧૧ ચો.મી.** બીનખેતીની જમીન બાબુભાઇ નારણભાઇ પટેલ તથા ભરતભાઇ નારણભાઇ પટેલ નાઓની માલીકી અને કબજા ભોગવટાની

આવેલ અને તેઓએ સદર જમીન અમો લખી આપનારને તા.૨૪/૦૮/૨૦૨૦ નાંરોજ વેચાણ આપેલ અને તે અંગેનો વેચાણ દસ્તાવેજ અમદાવાદ (નિકોલ-૧૨) ના મે.સબ. રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં તેજ તારીખે અનુક્રમ નં.૯૩૬૭ થી નોંધાવી આપેલ અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૧૦૩૬૦ થી તા:૦૨/૦૯/૨૦૨૦ નાંરોજ પાડવામાં આવેલ જે નોંધ લાગતા વળગતા અધિકારી દ્વારા તા.૧૯/૧૦/૨૦૨૦ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ ત્યારથી ઉપરોકત સર્વે નંબરો વાળી જમીન અમો લખી આપનારના માલીકી કબજા ભોગવટામાં આવેલ અને જે રેવન્યુ દફતરે ૭/૧૨ ના રેકર્ડમાં અમારા નામે ચાલે છે.

(૪) વધુમાં સદર પુરેપુરી જમીન ઉપર રહેણાંકીય ઉપયોગી બાંધકામ કરવા અંગેના પ્લાન અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની Development Permission No.001BP21220797 થી તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ મંજુર કરેલ છે જે તમો લખાવી લેનારે જોઇ તપાસી લીધેલ છે જે લખાવી લેનારને બંધનકર્તા રહેશે.

(૫) વધુમાં ઉપરોકત પેરા-૪ ની વિગતે મંજુર કરાવેલ પ્લાનો અનુસાર સદર જમીન ઉપર **“સનવિલા રોયલ”** ના નામથી ઓળખાતી રહેણાંકીય હેતુ ઉપયોગી જમીનમાં ઉપયોગી કોમન એસેટ તથા કોમન એમેનીટીઝ અને ફેસેલીટીઝ વગેરેની જોગવાઇ સાથેના રહેણાંકીય ઉપયોગી બંગ્લોઝ મકાનો નું બાંધકામ કરેલ છે.

(૬) વધુમાં અમો લખી આપનારે સદર પુરેપુરી જમીન ઉપર આવેલ **“સન વિલા રોયલ”** ના નામે ઓળખાતી યોજનામાં આવેલ **બંગ્લોઝ નં.** આશરે **ચો.મી.**નો પ્લોટ તથા રોડ, રસ્તા તથા કોમન પ્લોટની વણ વહેચાયેલી આશરે **ચો.મી.** સંયુક્ત વાપર ઉપયોગ કરવાના હક્કો સહીતની જમીન એમ કુલ મળી **ચો.મી.** જમીનમાં **ચો.મી.** જમીનમાં ગ્રાઉન્ડ ફ્લોર, ફસ્ટ ફ્લોર તથા સેકન્ડ ફ્લોરના બાંધકામ વાળી મીલક્ત તેમજ કોમન એસેટમાં વરાડે પડતો હીસ્સો તથા કોમન એમેનીટીઝ અને ફેસેલીટીઝ સહીયારે વાપરવાના હકકો સહીતની મીલકત તમો લખાવી લેનારને વેચાણ આપવાનું નકકી કરેલ છે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં સદરહુ મીલકત એ રીતે સંબોધવામાં આવેલ છે.

વધુમાં સદર યોજનાની વિસ્તૃત જાણકારી નીચે મુજબ આવેલ છે.

*** બિલ્ડીંગ/યોજનાનુ નામ : સનવિલા રોયલ**

*** કુલ મકાનની સંખ્યા : ૪૦**

તથા તેમા આવેલ કોમન એમેનીટીઝ તથા ફેસીલીટીઝ સહીતની મીલકત કે જેનુ વિગતવાર વર્ણન નીચે પરીશીષ્ટમાં વર્ણવવામાં આવેલ છે.

(૭) વધુમાં સદરહુ બંગ્લોઝ અંગે અમો લખી આપનારે તમો લખાવી લેનારની તરફેણમાં એક રજીસ્ટર બાનાખતનો કરાર કરી આપેલ જે બાનાખત અમદાવાદ (નિકોલ-૧૨) ના મહે. સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી સમક્ષ અનુક્રમ નં............. થી તા............................ ના રોજ નોંધાયેલ જેની તમામ શરતોનુ પાલન આ વેચાણ દસ્તાવેજમાં કરવામાં આવેલ છે.

(૮) વધુમાં સદર **સનવિલા રોયલ** ના નામે ઓળખાતી યોજનાનુ બાંધકામ હાલમાં જારી હોઇ તે અંગે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ (કે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **સદર કાયદો** એ રીતે સંબોધવામાં આવશે) અંતર્ગત રીયલ એસ્ટેટ ડેવલોપમેન્ટ ઓથોરીટી સમક્ષ **નોંધણી નં.** થી નોંધવામાં આવેલ છે જે નોંધણી હાલમાં અમલમાં છે.

(૯) વધુમાં અમો લખી આપનારે સદર યોજનાની જમીનમાં બાંધકામ કરવા માટે પ્લાન, ડીઝાઇન, સ્પેશીફીકેશન અમારા એન્જીનીયરશ્રી યોગેશભાઇ પંચાલ દ્વારા તૈયાર કરાવેલ છે જે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા મંજુર કરેલ છે જે પ્લાન, ડીઝાઇન, સ્પેશીફીકેશન તથા રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ અંતર્ગતના અન્ય સંલગ્ન દસ્તાવેજો ઇત્યાદી તમામની નકલ લખી આપનારે લખાવી લેનારને સોંપેલ છે જે લખાવી લેનારે જોઇ તપાસી લીધેલ છે અને તે અંગે તમો લખાવી લેનારે કોઇપણ વાંધો કે તકરાર કરવાનો રહેતો નથી અને જો કરીએ તો તે રદ્દબાતલ અને નિરર્થક છે અને તે અનુસાર સદર મિલકતનુ બાંધકામ કરેલ છે.

વધુમાં નીચે દર્શાવેલ નેટ કારપેટ એરીયા, બાલકની અને વોશ એરીયા તથા પ્રોજેકટમાં આવેલ કોમન એમેનીટીઝ અને ફેસીલીટીઝનો સમાવેશ થઇ જાય છે અને તે રીતે કુલ ઉચ્ચક કીંમતમાં તમો લખાવી લેનારને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે અને તમો લખાવી લેનારે સદરહુ મીલકત અમો લખી આપનાર પાસેથી સદર કિંમતે વેચાણ લેવાનુ નક્કી કરેલ છે જેનુ વિગતવાર ક્ષેત્રફળ નીચે મુજબ છે.

<u>ક્ષેત્રફળ</u>		<u>વિવરણ</u>
૧.	**ચો.મી.**	કારપેટ પ્લોટ એરીયા
૨.	**ચો.મી.**	રોડ, રસ્તા, કોમનપ્લોટ વ.વ. જમીન
૩.	**ચો.મી.**	કારપેટ બાંધકામ એરીયા
૪.	**ચો.મી.**	બાલ્કની, વરંડા બાંધકામ એરીયા
૫.	**ચો.મી.**	ઓપન ટેરેસ (૧૦)

વધુમાં એ રીતે મંજુર કરાવેલ પ્લાન મુજબ લખી આપનારે સદર જમીન ઉપર **સનવિલા રોયલ** ના નામે ઓળખાતી યોજનાનુ બાંધકામ કરેલ જે પુર્ણ થઇ ગયેલ છે જે અંગે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા બી.યુ. પરવાનગી આપવામાં આવેલ છે/નથી.

સદરહુ મિલકતના બાંધકામ પુરુ થયા પછી ફાળવણી વખતે વેચાણ કરવામાં આવેલ અને નકકી કરવામાં આવેલ માપ વિસ્તાર બાબતે પ્રમોટર અંતિમ કાર્પેટ વિસ્તારની ખાત્રી કરશે અને કાર્પેટ એરીયાના ૩% (ત્રણ ટકા) ના વિવિધતાના આધારે પ્રમોટર્સ દ્વારા ખાતરીના આધારે કાર્પેટ એરીયા માટે ચુકવવામાં આવતી કુલ કિંમતની ફરીથી ગણના કરવામાં આવશે જો નિર્ધારીત મર્યાદાની અંદર કાર્પેટ એરીયામા કોઇ વધારો કે ઘટાડો થાય તો પ્રમોટર દ્વારા ચુકવણી કરવા આવતા અધીક માપ માટે અધીક નાણા પીસ્તાલીસ દિવસની અંદર ભારતીય બેંકના વિધમાન આદેશો પ્રમાણે એટલે કે માર્જિનલ કોસ્ટ ઓફ લેન્ડિંગ રેટ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા પ્રાઇમ લેન્ડિંગ રેટ ઉપરાંત ૨% જેટલો રહેશે જેથી જયારે આવી અધિકૃત રકમ પ્રમોટરને એલોટી દ્વારા ચુકવવામા આવેલ ત્યારે જો પ્રમોટર દ્વારા ફાળવવામા આવેલ કાર્પેટ એરીયા મા કોઇ વધારો થયો હોય તો પ્રમોટરે ચુકવણી યોજનાના આગામી સીમાચિન્હ મુજબ એલોટી પાસેથી વધારાની રકમની માંગણી કરશે આ તમામ નાણાંકીય એડજસ્ટમેન્ટ આ સમજુતીના કલમ-૧ (એ) માં સંમત થયા મુજબ સમાન ચોરસદીઠ કરવામાં આવશે.

મજકુર સનવિલા રોયલની આજદીન જેટલી એફ.એસ.આઈ. પ્રમાણે બાંધકામ કરેલ છે તેમાં આ દસ્તાવેજથી વેચાણ આપેલ ફલેટનો સમાવેશ થયેલ છે. ભવિષ્યમાં ટી.ડી.આર. ધ્વારા કે અન્ય કોઈપણ કાયદાકીય રીતે વધારાની એફ.એસ.આઈ. મળવાપાત્ર થાય તો તે વધારાની સંપુર્ણ એફ.એસ.આઈ. સરવિલા રોયલના સભ્યોની રહેશે, જે પુરેપુરી એફ.એસ.આઈ.ની સંપુર્ણ માલીકી બીજા પક્ષની એટલે વેચાણ રાખેલ તમામ સભ્યોની રહેશે. તે વધારાની સંપુર્ણ એફ.એસ.આઈ.માં અમો પહેલા પક્ષનો કોઈ અધિકાર રહેશે નહીં.

(૧૧) એ રીતેની સદરહુ મીલકત તથા તેમાં આવેલ ચાલુ ઇલેકટ્રીક સર્વીસ તથા ઇલેકટ્રીક ફીટીંગ્સ, પાણી, ગટર જોડાણ સહીતની તથા સદર મીલકતમાં આવેલ કોમન એમેનીટીઝ તથા કોમન ફેસલીટીઝ જેવી કે કોમન રસ્તાના સહીયારા વપરાશના હકકો સહીતની તથા કોમન રસ્તાની જમીનમાંથી નળ, ગટર, ટેલીફોન વીગેરેના દોરડા, કેબલ પાઇપો નાંખવા-નંખાવવાના હકક સહીતની મીલકત અમો લખી આપનારે તમોને આ વેચાણ દસ્તાવેજથી કુલ અભરામ નદાવે કુલ્લે **રૂ.   /- અંકે રૂપીયા   પુરા** માં તમારી પાસેથી નીચે જણાવ્યા મુજબની વિગતેથી અવેજ લઇ તમોને અઘાટ વેચાણ આપેલ છે જે પૈકી સદર જમીનમાં વગર વહેંચાયેલ હીસ્સાનું તથા બાંધકામવાળી મીલકતનું તથા કોમન એસેટ તથા સુવીઘા ઓનું સંપુર્ણ વર્ણન આ સાથેના પરીશીષ્ટમાં વર્ણવેલ છે તેના હવેથી તમો લખાવી લેનાર કુલ સ્વતંત્ર માલીક અને પ્રત્યક્ષ કબજેદાર ભોગવટેદાર બનાવેલ છે.

(૧૨) **<u>સદર મીલકતના વેચાણ અવેજ મળ્યાની વિગત જે.</u>**

(એ)	રૂ.	/-અંકે રૂપીયા	પુરા
(બી)	રૂ.	/-અંકે રૂપીયા	પુરા
(સી)	રૂ.	/-અંકે રૂપીયા	પુરા
(ડી)	રૂ.	/-અંકે રૂપીયા	પુરા
(ઇ)	રૂ.	/-અંકે રૂપીયા	પુરા
કુલ	**રૂ.**	**/- અંકે રૂપીયા**	**પુરા**

એ રીતે ઉપરની વિગતે ચેકથી તમો લખાવી લેનારે સદર મીલકતના વેચાણનો પુરેપુરો અવેજ અમોને ચુકવી આપેલ છે અને આમ સદરહું મીલકતના વેચાણ અવેજની રકમ અમોને તમો લખાવી લેનારે ચુકવેલ છે જે નાણાં મળ્યા બદલની આથી આ પાકી પહોંચ અમો કબુલ કરીએ છીએ અને મજકુર મીલકત માટે હવે અમો લખી આપનારે તમો લખાવી લેનાર પાસેથી કોઇ લેણદેણ, હકક હીસ્સો હીત સબંધ રહેતો નથી હવેથી સદર મીલકતના તમો લખાવી લેનાર માલીક કબજેદાર ભોગવટેદાર બન્યા છો.

(૧૩) વધુમાં સદરહું મીલકત પૈકી સદર જમીનના વગર વહેંચાયેલો હીસ્સા નો પ્રત્યક્ષ કબજો-ભોગવટો તેના અન્ય સહ–માલીકો સાથે સહ-માલીક તરીકે અને બાંધકામવાળી મીલકતનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો તેના કુલ સ્વતંત્ર માલીક તરીકે સોંપી આપેલ છે જે લખાવી લેનારે સંભાળી લીધેલ છે.

(૧૪) સદર મીલકતનો કબજો લેતાં પહેલાં તેના ક્ષેત્રફળ, સ્પેશીફીકેશન, બાંધકામ,માલ-સામાનની ગુણવત્તા વિગેરે તમો લખાવી લેનારે જોઇ, તપાસી

/તપાસાવી લીધેલ છે તેથી લખાવી લેનાર લખી આપનાર વિરુધ્ધ તે અંગે કોઇ તકરાર કરી શકશે નહી અને જો કરે તો તે રદબાતલ અને નિરર્થક છે

(૧૫) સદર વેચાણ આપેલ મીલકત હવેથી તમો લખાવી લેનાર ચાંદો સુરજ તપે ત્યાં સુધી તમો તથા તમારા વંશ, વાલી, વારસો, એસાઇનીઓ વિગેરે સદર મીલકતને લગતા પ્રવર્તમાન કાયદાને આધીન સુખેથી વાપરો, ભોગવો, વેચો, સાટો, ગીરો આપો, બક્ષીસ આપો યા તમારું દીલ ચાહે તેમ કરવાને તમો હકકદાર છો તેમજ સદર મીલકતમાંથી નવેનિધ્ધ અષ્ટમાસિધ્ધ જે કાંઇ પ્રગટ થાય તે તમારા નશીબનું છે.

(૧૬) હવેથી સદર મીલકત ઉપર લખી આપનારના તથા અમારા સકસેસરો, એસાઇનીઓ કે અમારા કરજદાર, હીસ્સેદાર, લેંણદાર, દર-દાવેદાર વિગેરેનો કોઇપણ પ્રકારનો દરદાવો, અલાખો, લાગ-ભાગ, હકક હીસ્સો કે હીત સબંધ કોઇપણ આવેલ નથી.

(૧૭) સદર નીચે પરીશીષ્ટમાં વર્ણવેલ મીલકતના આજદીન સુધીના તમામ સરકારી વેરાઓ અમોએ ચુકતે ભરપાઇ કરી દીધેલા છે અને સદર મીલકત ના હવે પછીના જે કાંઇ વેરાઓ વિગેરે ભરવાની જવાબદારી તમો લખાવી લેનારને શીરે રહેશે તેમજ જો લાગુ પડતા હોય તો સર્વીસ ચાર્જ, વેલ્યુ એડેડ ટેક્ષ(વેટ), સેલ્સ ટેક્ષ, જી.એસ.ટી. તથા સરકારશ્રી વખતો વખત નક્કી કરે તેવા તમામ ચાર્જીસ લખાવી લેનારે અલગથી ભરવાના રહેશે.

(૧૮) વધુમાં સદર **“સનવિલા રોયલ”** ના નામે ઓળખાતી આવેલ યોજનામાં આવેલ બંગ્લોઝ મકાનની યોજનામાં તમામ કોમન એસેટ તથા કોમન એમેનીટીઝ અને ફેસીલીટીઝ જેવી કે ડ્રેનેજ, નળ, ગટર, લાઇટ, સબ-સ્ટેશન, વરંડા વિગેરે તમામ સગવડોના રોજબરોજના વહીવટ, વ્યવસ્થા તથા તેના નિભાવ અર્થે ધી ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એકટ ૧૯૬૧ અન્વયે કો.ઓ.હાઉસીંગ સર્વીસ સોસાયટી લી. ની રચના કરવાની રહેશે તેની ધોરણસર રીતે નોંધણી કરવાની રહેશે અને તે અંગે લખાવી લેનાર તથા સદર યોજનામાં જોડાનાર અન્ય વ્યકિતઓની સહી, સાક્ષી, કબુલાત આપવા ની જરુર પડશે તો તે લખાવી લેનાર તથા અન્ય વ્યકિતઓ આપવા બંધાયેલ છે એટલું જ નહી પરંતુ લખાવી લેનાર તથા સદર યોજનામાં જોડાનાર અન્ય તમામ સભ્યોએ તેના સભાસદ બનવાનું ફરજીયાત રહેશે અને તેની ધોરણસર રીતેની દાખલ ફી, શેરફાળો વિગેરે આપવાનો રહેશે વધુમાં લખાવી લેનાર તથા સદર યોજનામાં જોડાનાર તમામ વ્યકિતઓ

સદર સર્વીસ સોસાયટીના પેટા નિયમો અથવા કંપનીના મેમોરેન્ડમ અને આર્ટીકલ ઓફ એસીશીએશન તથા ધારા ધોરણો તથા તેના વખતો વખતના ઠરાવોનું પાલન કરવા બંધાયેલા છે એટલુંજ નહી પરંતુ સદર યોજનામા આવેલ કોમન એસેટ તથા કોમન એમેનીટીઝ તથા ફેસેલીટીઝના વપરાશ-ઉપયોગ અંગે સદર સોસાયટીની મેનીજીંગ કમીટી જો કોઇ નિયમો બનાવે તે લખાવી લેનાર તથા સદર યોજનામાં જોડાનાર તમામ સભ્યોને ફરજીયાત પણે કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.

(૧૯) વધુમાં સદર કોમન સુવીધાઓના નીભાવ માટે સદર યોજનામા જોડાનાર એટલે કે બંગ્લોઝ મકાન ધારણ કરનારે દરેક વગર વ્યાજની મેન્ટેનન્સ ડીપોઝીટની રકમ વેચાણ દસ્તાવેજ વખતે લખી આપનારને ચુકતે કરી આપશે જે સદર યોજનામાં આવેલા તમામ બંગ્લોઝ મકાન વેચાણ થઇ ગયા બાદ લખી આપનાર છેવટે સદર ડીપોઝીટની રકમનો સદર સોસાયટી અથવા કંપનીને હવાલો આપશે અને દરમ્યાનમાં સદર યોજનાની કોમન એસેટ તથા એમોનીટીઝ તથા ફેસેલીટીઝના તથા રોજબરોજના વહીવટ તથા નિભાવ અર્થે લખી આપનાર/સોસાયટી/એસોસીએશન નકકી કરે તે પ્રમાણે વહીવટીફાળાની રકમ માસીક/ત્રીમાસીક ધોરણે ફરજીયાતપણે આપવા લખાવી લેનાર બંધાયેલા છે.

(૨૦) સદર નીચે પરીશીષ્ટમાં વર્ણવેલી મીલકત આ વેચાણ દસ્તાવેજ કે તેની નકલના આધારે તમો લખાવી લેનાર સરકારી, અર્ધ:સરકારી તથા રેવન્યુ રેકર્ડમાં તથા અમ.મ્યુ. કોર્પો.ના રેકર્ડમાં તમારા નામે સહ-માલીક/ કુલ સ્વતંત્ર માલીક અને સહ-કબજેદાર તરીકે તબદીલ કરાવી લેવા હકકદાર છો અને તે અંગે અમો લખીઆપનારની સહીઓ, અરજીઓ, જવાબો, કબુલાત વિગેરેની તમોને જરુર પડે ત્યારે આપવા આથી બંધાયેલા છીએ.

(૨૧) સદર મીલકત અંગેના પ્રોજેકટની જમીનનુ ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ વિજય વાય. ચૌગુલે એડવોકેટશ્રીનુ તા.૧૬/૦૭/૨૦૨૧ તથા તા.૨૩/૦૭/૨૦૨૧ તથા તા.૨૪/૦૭/૨૦૨૧ ના રોજ નુ લાવી આપેલ છે અને ટાઇટલમાં વર્ણવ્યા મુજબ સદર યોજનાની જમીન ટાઇટલ ક્લીયર અને માર્કેટેબલ છે તે તથા અમારી પાસે જે કોઇપણ દસ્તાવેજો, બીલો, પહોંચો ઇત્યાદી હતા તે તમામની અસલ તેમજ ટ્રુ કોપી ઝેરોક્ષ નકલો અમોએ તમોને સોંપેલ છે જે તમોએ સંભાળી લીધેલા છે અને તેના સિવાય અમો લખી આપનાર પાસે અન્ય કોઇ બીજા દસ્તાવેજો કે કાગળો આવેલ

નથી અને તે આવેલા હોય તેમ છતાં તે કોઇને ત્યાં ડીપોઝીટ કરી તેના ઉપર કોઇ ગીરો, બોજો કે ચાર્જ ઉભો કરેલ નથી તેમજ તેનો અન્ય કોઇ અવાંતર હેતુસર ઉપયોગ કરેલ નથી.

(૨૨) વધુમાં અમો લખી આપનાર તમો લખાવી લેનારને ખાતરી અને બાંહેધરી આપીએ છીએ કે સદર મીલકતના અમો લખી આપનારના હકક-હીસ્સા, હીત સબંધ અમોએ કોઇને કોઇપણ પ્રકારે લખી આપી ટ્રાન્સફર કે એસાઇન કરેલ નથી તેમજ સદર મીલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હીસ્સો, ખોરાકી-પોષાકી કે દરદાવો, અલાખો નથી અને સદર મીલકત અમો લખી આપનારની માલીકી કબજા, ભોગવટામાં કોઇનાં કોઇપણ જાતના અંતરાય, અટકાયત વગરની આવેલી છે અને સદર મીલકત અન્ય કોઇનાં કોઇપણ પ્રકારે કબજા, ભોગવટામાં કે દબાણમાં આવેલ નથી તેમજ સદર મીલકતથી અમો કોઇનાં કોઇપણ પ્રકારે જામીન થયા નથી કે તેવો કોઇપણ હેતુસર સોલવંશી સર્ટીફીકેટ કઢાવેલ નથી કે સદર મીલકત ઉપર ગીરો, બોજો કે ચાર્જ ઉત્પન્ન થાય તેવા કોઇ કૃત્ય કરેલ નથી તેમજ સદર મીલકત અંગે કોઇપણ કોર્ટ-કચેરીમાં કોઇપણ જાતના પ્રોસીડીંગ્સ જારી નથી કે તે અંગે ની નોટીસ અમોને આજદીન સુધી મળેલ નથી કે બજેલ નથી તેમજ સદર મીલકત કોઇને વેચવી-વેચાવવી નહી તેવો નામદાર કોર્ટ કે સત્તાધિકારીનો મનાઇ હુકમ આવેલ નથી અને સદર મીલકત સંપુર્ણ બોજા રહીત તેમજ ના-કરજી છે અને સદર મીલકત ઉપર જણાવેલ તમામ હકીકતો અને કાયદેસર રીતે વેચવા હકકદાર અને તેમ કરવા અમોને માલીકી હકકે સંપુર્ણ હકક અને અધીકાર છે અને મજકુર મીલકતના અમો લખી આપનારના તમામ રાઇટસ, ટાઇટલ્સ ચોખ્ખા અને માર્કેટેબલ છે.

(૨૩) સદર મીલકતના આ વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ, રજીસ્ટ્રેશન ફી, લખામણી, વકીલફી, વેલ્યુએશન ઇત્યાદી તમામ ખર્ચ લખાવી લેનારે ભોગવવાનો છે અને ભવીષ્યમાં વેલ્યુએશન અંગે સરકારશ્રી માંથી જે કાંઇપણ ખુટતી સ્ટેમ્પ ડયુટીની રકમ ભરવાની થાય તે તમો લખાવી લેનારે ભરવાની રહેશે અને તે અંગે અમો લખી આપનારની કોઇ જવાબદારી રહેતી નથી.

(૨૪) વધુમાં આ વેચાણ દસ્તાવેજની શરતો અંગે ભવિષ્યમાં અમો લખી આપનાર તથા લખાવી લેનાર વચ્ચે કોઇ વિવાદ થાય તો તેનો નિકાલ કોર્ટ મારફતે ન લાવતા ધી આર્બીટ્રેશન એન્ડ કોન્સોલીએશન એકટ, ૧૯૯૬ ના કાયદા હેઠળ લવાદ મારફ્તે લાવવાનો રહેશે અને સદર કાયદામાં જણાવેલ

જોગવાઇ મુજબ લવાદની નિમણુંક કરવાની રહેશે અને લવાદ જે નિર્ણય લે તે તમામ આપણે બન્ને તરફવાળાને બંધનકર્તા રહેશે જે અંગે કોઇ નિર્ણય લેવાના થાય તે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ, ૨૦૧૬ તથા ધી ગુજરાત ઓનરશીપ એકટ, ૧૯૭૩ હેઠળ લાવવાનો રહેશે. વધુમાં આ દસ્તાવેજ વાળી મીલકતનુ કાયદાનુ કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

(૨૪). વધુમાં સદરહુ પ્રોજેક્ટ બી.યુ. પરમીશન મેળવ્યા બાદ વધારાની એફ.એસ.આઇ., કોમન એરીયા તથા ધાબાના હક્ક હિસ્સો પ્રમોટરનો રહેશે નહી તેનો તમામ હક્ક સોસાયટી કે એસોસીએશનનો રહેશે.

(૨૫). સર્વેબીલીટીઃ- જો આ કરારની કોઈ જોગવાઈ અધિનિયમ હેઠળ લાગુ કરાયેલા નિયમો અથવા નિયમો હેઠળ અયોગ્ય અથવા બિનઅસરકારક હોવાનુ નકકી કરવામાં આવે તો આ કરારની જોગવાઈઓને આ હેતુથી વ્યાજબી રૂપે અસંગત ગણવામા આવશે આ સમજુતી અને અધિનિયમ અથવા તેના હેઠળ કરારમાં આવેલ નિયમો અને વિનીયમોને અનુસરવા માટે જરૂરી હદ સુધી અથવા લાગુ પડતા કામદો, જેમ કે કેસ હોઈ શકે છે અને આ કરારની બાકીની જોગવાઈ કાયદેસર રહેશે અને અમલમા મુકાય તેટલા લાગુ થયેલ ગણાશે.

<u>પરિશિષ્ટ-૧</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૨(નિકોલ) ના વટવા તાલુકાના મોજે ગામ વસ્ત્રાલની સીમના **સર્વે નં.૧૮** પૈકી ૯૯૧૫ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ નં.૩૬** ની ૫૯૪૯ ચો.મી. પૈકી પુર્વ દિશા તરફની **૨૯૩૬ ચો.મી.**(અ.મ્યુ.કો. તા.૩૦/૦૪/૨૦૨૧ ના રોજ મંજુર થયેલ પ્લાન મુજબ સબ પ્લોટ નં.(૧૮/૧+૩૬)/૨ પૈકી ૨૯૩૬ ચો.મી.) તથા **સર્વે નં.૧૯/૪** ૨૭૭૨ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ નં.૧૮/૪** ની **૧૬૬૩ ચો.મી.** તથા **સર્વે નં.૨૮** ૪૩૫૦ ચો.મી. ના **ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૧૩(વસ્ત્રાલ)** ના **ફા.પ્લોટ નં.૩૯** ની **૨૬૧૨ ચો.મી.** એમ મળી કુલ **૭૨૧૧ ચો.મી.** (અ.મ્યુ.કો. મુજબ ૭૨૦૯ ચો.મી.) રહેણાંકીય હેતુની બીનખેતીની જમીન ઉપર આવેલ **“સનવિલા રોયલ”** ના નામે ઓળખાતી બંગ્લોઝ મકાનોની યોજનામાં આવેલ **બંગ્લોઝ નં.** આશરે **ચો.મી.**નો પ્લોટ તથા રોડ, રસ્તા તથા કોમન પ્લોટની વણ વહેચાયેલી આશરે **ચો.મી.** સંયુક્ત વાપર ઉપયોગ કરવાના હક્કો સહીતની જમીન એમ કુલ મળી **ચો.મી.** જમીનમાં **ચો.મી.** જમીનમાં ગ્રાઉન્ડ ફલોર, ફસ્ટ ફલોર તથા સેકન્ડ ફલોરના બાંધકામ વાળી મીલક્ત (સદરહુ **બંગ્લોઝ નં.** નો સમાવેશ **સર્વે નં.** ના **ફા.પ્લોટ નં.** માં થાય છે).

<u>જેના ખુંટ ચારની વિગત નીચે મુજબ છે.</u>

પુર્વે :- આવેલ છે.

પશ્ચીમે :- આવેલ છે.

ઉત્તરે :- આવેલ છે.

દક્ષીણે :- આવેલ છે.

પરિશિષ્ટ-૨

સદર યોજનામાં આવેલ તથા કોમન એમેનીટીઝ તથા ફેસીલીટીઝ

૧. ચિલ્ડ્રન પ્લે એરીયા
૨. સીનીયર સીટીઝન સીટીંગ
૩. પ્રેસર પંપથી પાણીની સુવિધા
૪. કમ્પાઉન્ડ વોલ
૫. ડ્રેનેજ
૬. આર.સી.સી. રોડ સ્ટ્રીટ લાઇટ સાથે
૭. સુંદર ગાર્ડન લેન્ડસ્કેપ વોટર બોડી સાથે
૮. સ્કુલ બસ પીકઅપ અને ડ્રોપ ઝોન
૯. આકર્ષક મેઇન ગેટ સીક્યોરીટી કેબીન સાથે
૧૦. સીસીટીવી કેમેરા-ઇન્ટરનલ રોડ, કોમન પ્લોટ, એન્ટ્રી અને એક્ઝીટ
૧૧. પાણીની સુવિધા બોરવેલ મારફતે ઓવર હેડ વોટર ટેન્ક જરુરી સુવિધા સીન્ટેક્ષની ૧૦૦૦ લીટરની પાણીની જરુરી કેપેસીટી સાથે
૧૨. ટેરેસમાં ચાઇના મોઝેક
૧૩. ઇલેકટ્રીક સબ-સ્ટેશન

એ રીતે આ વેચાણ દસ્તાવેજ અમોએ અમારી સંપુર્ણ રાજીખુશીથી, તથા અકકલ હોંશીયારીથી, વાંચી સમજી, વિચારી તંદુરસ્ત હાલતમાં સભાન પણે લખી આપેલ છે જેનો તમામ મજકુર અમો લખી આપનારને તથા અમારા વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, એકઝીકયુટરો, ભાગીદારો ઈત્યાદી તમામને કબુલ-મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

અમદાવાદ તારીખ:

અત્રે------------------------------મતુ અત્રે-------------------------શાખ

-------------------------------------- --------------------------------

શીવાની ઇન્ફ્રાસ્પેસ એ નામની
ભાગીદારી પેઢીના અધિકૃત ભાગીદાર
નિસર્ગ મુકેશભાઇ પટેલ
(લખી આપનાર)

(સાક્ષીઓ)

મીલકતનો ફોટોગ્રાફ

મીલકતનું સરનામું :- બંગ્લોઝ નં. , સનવિલા રોયલ, વસ્ત્રાલ, અમદાવાદ

લખી આપનાર :- ______________________

લખાવી લેનાર :- ______________________

મીલકતનો ફોટોગ્રાફ

મીલકતનું સરનામું :- બંગ્લોઝ નં. , સનવિલા રોયલ, વસ્ત્રાલ, અમદાવાદ

લખી આપનાર :- ______________________

લખાવી લેનાર :- ______________________

રજીસ્ટ્રેશન અધિનિયમ કલમ-૩૨(અ) મુજબનું પરિશિષ્ટ

---------------------------------- ----------------------
(લખી આપનાર) (અંગુઠાનું નિશાન)
શીવાની ઇન્ફ્રાસ્પેસ એ નામની
ભાગીદારી પેઢીના અધિકૃત ભાગીદાર
નિસર્ગ મુકેશભાઇ પટેલ

---------------------------------- ----------------------
(લખાવી લેનાર) (અંગુઠાનું નિશાન)